**આજની પ્રાર્થના....**

અહો દેવના દેવ હો વિશ્વ સ્વામિ, કરૂ સ્તુતિ હું આપની શીશ નામી, દયાળુ પ્રભુ આપદાથી ઉગારો, દીનાનાથ તું એક આધાર અમારો


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૨૨ | ૧૨ જુલાઈ, ૨૦૨૧, સોમવાર; અષાઢ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# કાશ્મીરમાં ટેરર ફંડીંગ મામલે વ્યાપક દરોડા

**પાંચ લોકોની ધરપકડ કરાઇ : એનઆઈએના જમ્મુ-કાશ્મીરમાં ૧૦ સ્થળોએ દરોડા : કાશ્મીરના ૧૧ સરકારી કર્મચારી દેશ સાથે ગદ્દારી કરવા બદલ સસ્પેન્ડ, મહિલા પાસેથી ચાઇનીઝ ગ્રેનેડ અને ૪૫ હજાર રોકડા જપ્ત કરાયા**

શ્રીનગર,તા.૧૧

જમ્મુ કાશ્મીરના અનંતનાગ સહિત અનેક જગ્યાએ હાલ રાષ્ટ્રીય તપાસ એજન્સીની રેડ ચાલી રહી છે. મળતી માહિતી મુજબ દરોડા આતંકીને થતા ફંડિંગના મામલાને લઈને થઈ રહી છે. તપાસ એજન્સીએ તે વાતની ભાળ મેળવવામાં લાગી ગઈ છે કે ક્યાંક વેલીમાંથી આતંકીઓને આઈએસઆઈએસમાંથી ફંડિંગ તો નથી કરવામાં આવી રહ્યું ને.

મળતી માહિતી મુજબ અનંતનાગના ૪ અને શ્રીનગરમાં એક જગ્યાએ એનઆઈએની રેડ ચાલી રહી છે. અત્યાર સુધીમાં આ મામલે ૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં એક ૩૬ વર્ષની મહિલા પણ સામેલ છે. એનઆઈએના દરોડામાં જમ્મુ કાશ્મીર પોલીસ અને સીઆરપીએફના સુરક્ષા કર્મચારીઓ સામેલ છે. આ દરોડમાં કેટલાંક લોકોની ધરપકડ પણ થઈ શકે છે.

જાણકારી મુજબ એનઆઈએના અનંતનાગ ઉપરાંત બારામુલા અને શ્રીનગરમાં પણ અનેક સ્થળોએ દરોડાની કાર્યવાહી કરવામાં આવી છે. ૩૬ વર્ષની જે મહિલાની ધરપકડ કરવામાં આવી છે તેની પાસેથી ચાઈનીઝ ગ્રેનેડ અને ૪૮ હજાર રૂપિયા રોકડા જપ્ત કરવામાં આવયા છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ એનઆઈએએ રવિવારે સવાર દારુલ ઉલુમ, દલાલ મોહલ્લા, નવાબજારમાં પોલીસ, એસઓજી, એસડીપીઓના અનેક અધિકારીઓની સાથે રેડ મારી હતી. આ દરમિયાન કેટલાંક ઓફિસ રેકોર્ડ, એક લેપટોપ પણ જપ્ત કરાયા છે. સાથે જ અદનાન અહમદ નદવીની ધરપકડ કરાઈ છે જે હાકા બજારનો રહેવાસી છે.

● અનુસંધાન પાન-૭ પર

## રવિશંકર પ્રસાદ, જાવડેકરને મહત્વની ભૂમિકા અપાશે

નવી દિલ્હી, તા.૧૧

તાજેતરમાં મોદી સરકારના મંત્રી મંડળના કરવામાં આવેલા વિસ્તરણમાં રવિશંકર પ્રસાદ, હર્ષવર્ધન અને જાવડેકર જેવા મોટા ગજાના નેતાઓને પડતા મુકવામાં આવ્યા હતા.

હવે એવા અહેવાલો સામે આવ્યા છે કે, રવિશંકર પ્રસાદ તેમજ પ્રકાશ જાવડેકરને પાર્ટીમાં મહત્વની ભૂમિકા આપી શકાય છે.

આ બાબતની આગામી દિવસોમાં જાહેરાત કરવામાં આવશે.રવિશંકર પ્રસાદ અને જાવડેકરને પાર્ટીમાં રાષ્ટ્રીય મહાસચિવ કે પછી રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બનાવાય તેવી શક્યતા છે.આ સિવાય રાજ્યોમાં ચૂંટણી પ્રભારી તરીકે પણ તેમને જવાબદારી આપવાનો વિકલ્પ છે.

આગામી વર્ષની શરુઆતમાં યુપી, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણિપુરમાં વિધાનસભાની ચૂંટણીઓ થવાની છે.

## ત્રીજી લહેરમાં દૈનિક ૬ લાખથી વધુ કેસનું અનુમાન

**એક કરોડ એક્ટિવ દર્દીમાંથી ૨૩ ટકાને હોસ્પિટલની જરૂર પડશે, ૬૯૦૦૦ લોકોને આઈસીયુ બેડ અને ૩.૪૫ લાખને ઓક્સિજન બેડની જરૂર પડશે**

નવી દિલ્હી, તા.૧૧

દેશમાં ભલે કોરોનાના કેસ ઓછા થયા હોય પણ નિષ્ણાતોનુ કહેવુ છે કે, કોરોનાની બીજી લહેર હજી પૂરે પૂરી ખતમ નથી થઈ.એવી પણ આશંકા છે કે, કોરોનાની ત્રીજી લહેર દેશમાં બહુ જલ્દી આવી શકે છે.

જેના પગલે કેન્દ્ર સરકાર દ્વારા તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે.કેન્દ્ર સરકાર દ્વારા બનાવાયેલા ટાસ્ક ફોર્સનુ અનુમાન છે કે, કોરોનાની બીજી લહેર જ્યારે પીક પર હતી ત્યારે એક દિવસમાં ૪.૧૪ લાખ કેસ સામે આવ્યા હતા.જ્યારે કોરોનાની ત્રીજી લહેરના પીક પર એક દિવસમાં ૬.૨૧ લાખ નવા કેસ સામે આવવાની શક્યતા છે.આ સિવાય એક દિવસમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા એક કરોડ પર પહોંચી જાય તો કયા કયા પ્રકારની જરુરિયાત ઉભી થશે તેનો પણ રોડ મેપ તૈયાર કરવામાં આવ્યો છે. રોડમેપ પ્રમાણે તે સમયે એક કરોડ એક્ટિવ દર્દીઓમાંથી ૨૩ ટકાને હોસ્પિટલની જરુર પડશે.એક અંદાજ પ્રમાણે તે સમયે ૬૯૦૦૦ લોકોને આઈસીયુ બેડ અને ૩.૪૫ લાખ લોકોને ઓક્સિજન બેડની જરુર પડશે.સરકારી આંકડા પ્રમાણે દેશમાંહ ાલ ૭૫૦૦૦ જેટલા આઈસીયુ બેડ છે અને આ સિવાય ૨.૫૫ લાખ ઓક્સિજનબેડ ઉપલબ્ધ છે.

આ સિવાય ૪.૯૫ લાખ આઈસોલેશન બેડ પણ અવેલેબલ છે.

સરકારી આંકડા પ્રમાણે ત્રીજી લહેર આવે અને સ્થિતિ બગડે તો પણ વધારાના ૯૦૦૦૦ ઓક્સિજન બેટની જરુર પડશે.કોરોનાની બીજી લહેર વખતે પણ આ પ્રકારનો અંદાજ લગાવાયો હતો પણ છેવટે ઓક્સિજન બેડ ખુટી પડ્યા હતા.આ સંજોગોમાં જો કોરોનાની ત્રીજી લહેર આવી તો સરકારનો અંદાજ કેટલો સાચો પડે છે તે જોવાનુ રહે છે.

બીજી તરફ કોરોનાની ત્રીજી લહેરથી લોકોને બચાવવા માટે સરકાર ૨૫૦૦૦ કરોડ રુપિયાની વેક્સીન ખરીદવાની તૈયારી કરી રહી છે.





